**ぃ પ્રેસ નોટ ぁ**

**તા.૦૩/૦૮/૨૦૨૩**

## અમરેલી ટાઉનમાં ચોરી કરનાર ઇસમને પકડી પાડી, ઘરફોડ ચોરીનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ

➡ **ગુન્હાની વિગતઃ-**

તા.૧૦/૦૭/૨૦૨૩ નાં રોજ અમરેલીમાં જુના માર્કેટીંગ યાર્ડ સામે આવેલ જિલ્લા માહિતીની કચેરીનું પાછળ બારણ કોઇ અજાણયા ઇસમે તોડી ગેરકાયદેસર પ્રવેશ કરી, કચેરીમાં આવેલ લોખંડની તિજોરી ખોલી તેમાં રહેલ નિકોલ કંપનીનો D 5600 મોડલનો કેમેરો કિં.રૂ.૫૬,૪૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય જે અંગે અમરેલી માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકશ્રી દિવ્યાબેન જયંતિભાઇ છાટબાર નાઓએ ફરીયાદ જાહેર કરતા અજાણ્યા આરોપી વિરૂધ્ધ **અમરેલી સીટી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૪૫૯/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦** મુજબનો ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ દ્વારા** ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને તા.૦૨/૦૮/૨૦૨૩ નાં રોજ અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે હકિકત આધારે અમરેલી, સીવીલ હોસ્પીટલ સામેથી એક ઇસમને પકડી પાડી, તેની સઘન પુછ પરછ કરતા ઉપરોકત ચોરીની કબુલાત આપતા, પકડાયેલ ઇસમને આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પો.સ્ટે. માં સોંપી આપેલ છે.

## ➡ **પકવાના બાકી આરોપીની વિગતઃ-**

કનૈયાગીરી રમેશગીરી અપરનાથી, ઉ.વ.૨૭, રહે.પોરબંદર, ખાપટ, નાગનાથ મંદીર પાસે, તા.જિ.પોરબંદર

## ➡ **પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-**

પકડાયેલ આરોપી કનૈયાગીરી રમેશગીરી અપરનાથી વિરૂધ્ધ નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) ધારી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૮૨૨૦૬૪૨/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૨૩, ૩૭૯, ૫૦૪, ૫૧૧, ૧૧૪ મુજબ.

(૨) જેતલસર રેલ્વે પો.સ્ટે. (રાજકોટ ગ્રામ્ય) પ્રોહી.ગુ.ર.નં.૦૮/૨૦૧૯, પ્રોહી. કલમ ૮૫(૧) મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. મહેશભાઇ સરવૈયા, ભગવાનભાઇ ભીલ**, તથા **પો.હેડ કોન્સ. જાહીદભાઇ મકરાણી**, તથા **પો.કોન્સ. ઉદયભાઇ મેણીયા, તુષારભાઇ પાંચાણી** દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસ નોટ** **તા.૦૫/૦૮/૨૦૨૩**

## **અમરેલી સીટી પો.સ્ટે. માં e-FIR દ્વારા દાખલ થયેલ મોબાઇલ ચોરીના ગુનામાં એક ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ગુજરાત સરકારીશ્રી** દ્વારા ગુજરાતના નાગરીકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો કરી, વાહન ચોરી કે મોબાઇલ ચોરી થયા અંગેની ફરીયાદ કરવા પોલીસ સ્ટેશનમાં જવુ ન પડે, અને ઘરે બેઠા ફરીયાદ કરી શકાય તે માટે સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે ફરીયાદ કરવા e-FIR ની

સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે **પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓએ સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા નાગરીકો દ્વારા વાહન ચોરી કે મોબાઇલ ચોરી અંગે દાખલ કરવામાં આવતી e-FIR અન્વયે સુચનો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

➡ **ગુનાની વિગતઃ-**

તા.૦૫/૦૭/૨૦૨૩ ના રોજ મોહનભાઇ શંભુભાઇ આંકોલીયા, ઉ.વ.૬૩, રહે.અમરાપુર, તા.વડીયા, જિ.અમરેલી વાળા સુરતથી અમરેલી બસમાં આવતા હોય, અને અમરેલી, નાગનાથ બસ સ્ટેન્ડે બસમાંથી નીચે ઉતરતા તે વખતે કોઇ અજાણ્યો ઇસમ ભીડનો લાભ લઇ ખીસ્સામાં રાખેલ એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૬૦૦૦/- નો ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે મોહનભાઇ દ્વારા e-FIR કરાવેલ હોય, જે e-FIR અંગે ખરાઇ કરી, તેના પરથી **અમરેલી સીટી પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૪૭૧/ ૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા e-FIR દ્વારા દાખલ થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા e-FIR થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** તથા **એલ.સી.બી. ટીમ** ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે **એલ.સી.બી. ટીમ** દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને ગઇ કાલ તા.૦૪/૦૮/૨૦૨૩ નાં રોજ અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન કુંકાવાવ રોડ, સોમનાથ મંદીર પાસેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ⇨ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

**રોહીત રાજુભાઇ પંસાળા, ઉ.વ.૨૨, રહે.અમરેલી, પ્રતાપપરા, તા.જિ.અમરેલી.**

## ⇨ <u>રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-</u>

**એક રેડમી કંપનીનો** NOTE 9 **મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૬,000/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. મહેશભાઇ સરવૈયા, ભગવાનભાઇ ભીલ** તથા **હેડ કોન્સ. કિશનભાઇ આસોદરીયા** તથા **પો.કોન્સ. ઉદયભાઇ મેણીયા, તુષારભાઇ પાંચાણી** દ્વારા કરવામાં આવેલ છે.

**જપ્રેસ નોટજી** **તા.૦૧/૦૮/૨૦૨૩**

**ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક પરપ્રાંતીય ઇસમને લાયસન્સ વગરની દેશી હાથ બનાવટની પિસ્ટલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગેરકાયદેસર હથિયારો ધરાવતા ઇમસોને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં ગંભિર પ્રકારના ગુન્હાઓ અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે અન્વયે ગેરકાયેદસર હથિયાર ધરાવતા ઇસમો ઉપર વોચ રાખી, આવા આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.બી.ટીમ** ગઇ કાલ તા.૩૧/૦૭/૨૦૨૩ નાં રોજ રાજુલા તથા ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે દેવકા ગામેથી એક પરપ્રાંતીય ઇસમને દેશી હાથ બનાવટની પિસ્ટલ સાથે પકડી પાડેલ છે.

**➡પકડાયેલ આરોપીની વિગતઃ-**

સુરેશ સુખલાલ ગર્ગ, ઉ.વ.૨૪, રહે.પિન્ડોલીયા, બાઠરકા ગ્રામ પંચાયત, તા.વલ્લભનગર, જિ.ઉદેપુર (રાજસ્થાન ) હાલ રહે.દેવકા, તા.રાજુલા, જિ.અમરેલી.

**➩પકડાયેલ હથિયારની વિગતઃ-**

**એક દેશી હાથ બનાવટની પિસ્ટલ કિં.રૂ.૫,૦૦૦/-**

પિસ્ટલ સાથે પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરી, આરોપી અને મુદ્દામાલ વધુ તપાસ અર્થે ડુંગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ. એમ. પટેલ** તથા **એલ.સી.બી.ના એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ, બહાદુરભાઇ વાળા,** તથા **હેડ કોન્સ. નિકુલસિંહ રાઠોડ, મનિષભાઇ જાની, યાસીનભાઇ ચૌહાણ** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા, યુવરાજસિંહ વાળા, લીલેશભાઇ બાબરીયા, તુષારભાઇ પાંચાણી** દ્વારા કરવામાં આવેલ છે.

**⁂ પ્રેસ નોટ ⁂** **તા.૦૫/૦૮/૨૦૨૩**

## બગસરા ટાઉનથી એક ઇસમને નશીલી દવાઓની બોટલ નંગ ૩૩૨ કિં.રૂ.૪૯,૮૦૦/- ના જથ્થા સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નશાયુકત પદાર્થો/પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ**

**સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં કફ સિરપ, અન્ય આયુર્વેદીક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનું ડોકટરશ્રીના પ્રિસ્ક્રીપ્શન વગર પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** બગસરા ટાઉનમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન બાતમી રાહે હકિકત મળેલ કે, બગસરા ટાઉનમાં ભુતનાથ મંદીર પાસે આવેલ પાનના ગલ્લામાં એક ઇસમ નશાકારક કેફીપીણાનો જથ્થો રાખી વેચાણ કરે છે. જે હકિકત આધારે એલ.સી.બી. ટીમ દ્વારા રેઇડ દરમિયાન એક ઇસમને નશાકારક કેફી પીણાની બોટલો સાથે પકડી પાડી, મળી આવેલ નશાયુકત બોટલોમાંથી એફ.એસ.એલ. તથા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનાઓની તપાસણી અર્થે સેમ્પલ તરીકે લઇ, તમામ બોટલો કબ્જે કરી, પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ ઇસમની વિગતઃ-**

રવિ કિશોરભાઇ ગોહિલ, ઉ.વ.૨૬, રહે.બગસરા, અમરપરા, તા.બગસરા, જિ.અમરેલી.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

(૧) ARYURVEDIC PROPRIETARY MEDICINE GERGEM ASHV-ARISHATHA 400 ML Manufactured By,AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v લખેલ કુલ બોટલો નંગ-૧૩૨ જેની કિં.રૂ.૧૯,૮૦૦/-

(૨) KAL MEGHASAVA ASAVA-ARISHTA 400 ML Manufactured By,AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v લખેલ કુલ બોટલ નંગ- ૨૦૦ જેની કિં.રૂ.૩૦,૦૦૦/-મળી કુલ બોટલ નંગ ૩૩૨ **કુલ કિં.રૂ.૪૯,૮૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા

**અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. યુવરાજસિંહ રાઠોડ, જીગ્નેશભાઇ અમરેલીયા,** તથા **હેડ કોન્સ. આદિત્યભાઇ બાબરીયા** દ્વારા કરવામાં આવેલ છે.

**✍ પ્રેસ નોટ ✍** **તા.૦૫/૦૮/૨૦૨૩**

## લીલીયા તાલુકાના આંબા ગામની સીમમાં જુગાર રમતા નવ ઇસમોને કુલ કિં.રૂ.૬૫,૩૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** તા.૦૪/૦૮/૨૦૨૩ ના રાત્રીના લીલીયા તાલુકા વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે લીલીયા તાલુકાના આંબા ગામે કરાળ તરીકે ઓળખાતી સીમમાં મોબાઇલ ટોર્ચના અંજવાળે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા નવ ઇસમોને જુગાર રમતા રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, બે ઇસમો રેઇડ દરમિયાન નાશી ગયેલ હોય, જે તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી,પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ➪ જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-

(૧) સોહરાબ સુલ્તાનભાઇ અબડા, ઉ.વ.૩૮, રહે.લીલીયા મોટા, સંધી સોસાયટી, તા.લીલીયા, જિ.અમરેલી.

(૨) મુસ્તાકભાઇ દીલુભાઇ બેલીમ, ઉ.વ.૪૫, રહે.લીલીયા મોટા, સીવીલપરા, તા.લીલીયા, જિ.અમરેલી.

(૩) ઇકબાલ ઉર્ફે મુનો બકુલભાઇ સૈયદ,ઉ.વ.૩૭, રહે.આંબા, દરગાહ પાસે, તા.લીલીયા, જિ.અમરેલી.

(૪) યુનુસભાઇ ભીખુભાઇ ચૌહાણ, ઉ.વ.૪૭, રહે.આંબા, આઝાદ ચોક, તા.લીલીયા, જિ.અમરેલી.

(૫) કાળુભાઇ ગીગાભાઇ સૈયદ, ઉ.વ.૫૭, રહે.આંબા, સિપાઇશેરી, તા.લીલીયા, જિ.અમરેલી.

(૬) મહિપત જીલુભાઇ બોરીચા, ઉ.વ.૨૫, રહે.આંબા, જુના ગામમાં, તા.લીલીયા, જિ.અમરેલી.

(૭) જીગ્નેશ રસીકભાઇ કારીયા, ઉ.વ.૩૩, રહે.લીલીયા મોટા, ધર્મશાળા સામે, તા.લીલીયા, જિ.અમરેલી.

(૮) અશોક પ્રભુદાસભાઇ લશ્કરી, ઉ.વ.૩૫, રહે.આંબા, ચોરા પાસે, તા.લીલીયા, જિ.અમરેલી.

(૯) બશીરભાઇ સુમારભાઇ સીરમાન, ઉ.વ.૪૮, રહે.લીલીયા મોટા, પીપળવા રોડ, તા.લીલીયા, જિ.અમરેલી.

➡ **જુગારની રેઇડ દરમિયાન નાસી ગયેલ ઇસમોઃ-**

(૧) અસલમ સલેમાનભાઇ બાવનકા રહે.લીલીયા મોટા, સંધી સોસાયટી, ગઢ શેરી, તા.લીલીયા, જિ.અમરેલી.

(૨) મુબારક હસનભાઇ સુમરા, રહે.લીલીયા મોટા, સંધી સોસાયટી, ગઢ શેરી, તા.લીલીયા, જિ.અમરેલી.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૨૯,૮૦૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૮ કિં.રૂ.૩૫,૫૦૦-/- ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૬૫,૩૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ. એમ. પટેલ** તથા **અમરેલી એલ.સી.બી.ના હેડ કોન્સ. રાહુલભાઇ ચાવડા, નિકુલસિંહ રાઠોડ** તથા **પો. કોન્સ. તુષારભાઇ પાંચાણી, રાહુલભાઇ ઢાપા, ભાવિનગીરી ગૌસ્વામી** દ્વારા કરવામાં આવેલ છે.



ૐ **<u>પ્રેસ-નોટ</u>** ૐ **<u>તા.૦૨/૦૮/૨૦૨૩.</u>**

**<u>ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડાયેલ ગેરકાયેસર માદક પદાર્થ વનસ્પતિજન્ય ભેજ યુક્ત ગાંજાના ગુનામાં માલ આપનાર મહિલા આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

**ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર** દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ કેફી ઔષધો મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર હેરા-ફેરી વેચાણ અટકાવવા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ હોય. જેના ભાગ રૂપે **એ.ટી.એસ.ના** માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા તથા ગુનાના કામે પકડવાના બાકી આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને **શ્રી ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ ભાવનગર** નાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ **એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ.જી.દેસાઇ** તથા **એસ.ઓ.જી.પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ** તથા **એસ.ઓ.જી. ટીમને** અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા તથા નાસતાફરતા ઈસમોને ઝડપી પાડી- યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય **એસ.ઓ.જી.પોલીસ**

**ઈન્સ્પેક્ટરશ્રી એસ.જી.દેસાઇ** તથા **એસ.ઓ.જી.ટીમ** ખાંભા પોલીસ સ્ટેશન બીપાર્ટ -ગુ.ર.નં.-0૩૧૯/૨૦૨૩ NDPS એક્ટની કલમ૨૦-(બી)- ૨૯ મુજબનાં ગુનાના કામે તપાસ દરમિયાન ખુલવા પામેલ નાસતા-ફરતા મજકુર મહિલાને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નિકલ સોર્સ મારફતે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે .

➡ **પકડાયેલ આરોપી:-**

**ભાવના ઉર્ફે ભારતી W/O જેરામભાઇ પરમાર ઉવ૪૫-. ધંધોઘરકામ- રહેસાવરકુંડલા. આકાશી પરા તાસાવરકુંડલા. જિઅમરેલી..**

➡ **પકડાયેલ મુદ્દામાલ :-**

પકડાયેલ મજુર મહિલાની પુછપરછ દરમિયાન ખાંભા પો.સ્ટે. બીપાર્ટ -/ગુ.ર.નં.-0૩૧૯ ૨૦૨૩ NDPS એક્ટની કલમ૨૦-(બી)- ૨૯ મુજબનાં ગુના કામે પકડાયેલ **વનસ્પતિજન્ય સુકો-ભેજ યુક્ત માદક પદાર્થ ગાંજાનો જથ્થો કુલ વજન-૩ કિલો કિ.રૂા.૩0000/-**તથા **એક કાપડની થેલી કિ.રૂા.00/-**તથા **એક ડીઝીટલ ઇલેકટ્રીક વજન કાંટો કિ.રૂ.૧000/-** તથા **એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂા.૫000/-** મળી **કુલ કિ.રૂા.૩૬000/-ના** મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ ખાંભાઉના હાઇ-વે ઉપર - આવેલ મામાદેવ આશ્રમનાં પુજારી ચંદુગીરી જમનાગીરી ગૌસ્વામીસાથે છેલ્લા એક વર્ષથી પરીચયમાં હોય જેથી તેઓને ગયા શનિવારે એક કિલો ગાંજાનો જથ્થો રૂપિયા ૫000 -/માં આપેલ હતો અને તેઓએ રૂપિયા ૩000રૂપિયા રોકડા આપેલ હતા અને -/ રૂપિયા ૨000/- બાકી રાખેલ હતા અને જે તે વખતે-મજકુર મહિલાએ ચંદુગીરી જમનાગીરીને પોતાનું નામ ભારતી હોવાનું અને સુરત રહતા હોય તેમ જણાવેલ હતુ. જે અંગેની કબુલાત આપતા મજકુર મહિલાને વધુ તપાસ અર્થે ખાંભા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ **એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ.જી.દેસાઇ** તથા **એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ** તથા **એસ.ઓ.જી. ટીમનાં અના.એ.એસ.આઇ. સંજયભાઇ પરમાર** તથા **યુવરાજસિંહ સરવૈયા** તથા હેડ

**કોન્સ.મનિષદાન ગઢવી** તથા **મહિલા પો.કોન્સ.હીનાબેન મેવાડા** દ્વારા કરવામાં આવેલ છે.